સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

પાક્યું હવે ભગ્ન હૃદય, ખૂબ ચલતે ચલતે!
રોજ ચાલે છે એમ શ્વાસ માંડ મરતે મરતે!
જિંદગી જીવવા માટે મળે દિવસો હસે હસે!
કરતો રહું પ્રાર્થના, પ્રભુની હસતે હસતે..

હાઈકુ

બનાવી નાખ્યા,
કર્મચારી કંગાલ -
નોકરી છતે...

બેન્ક મંદિરે,
ઉભા માગણીયાત -
જાણે ભિક્ષુકો...

ચિંતન

મા બોધિ વૈદ્યકમથાપિ મહાભયેષુ પ્રાપ્તેષુ યો ભિષગિતિ પ્રથિતસ્મેવ ।
આકારયત્યખિલ એવ વિશેષદર્શી લોકો અપિ તેન ભિષગેષ ન દૂષણીયઃ ॥

હવે તો આયુર્વેદની હોસ્પિટલો ખૂલી ગઈ છે અને અનેક દવાઓ દ્વારા દર્દીઓને અંદરના દર્દી તરીકે દાખલ કરી તેના ઉપચાર પણ થાય છે. જૂના સમયમાં 'વૈદક'ના અભ્યાસ માટે ઘણાને અણગમો હતો.

... પરંતુ જયારે મોટા અને અસાધ્ય રોગો આવીને ઊભા રહે છે કેન્સર-કીડની જેવા રોગો માનવીની શરીરની સહનશકત્તી મર્યાદા-હદ વટાવી જાય અને નિષ્ણાત ડૉકટરો પણ હાથ ઊંચા કરી નાખે છે ત્યારે ઘણા લોકો 'વૈદ્ય'ની પાસે જાય છે, અને ત્યાં રાહત તો મળે જ છે પરંતુ ઘણીવાર આશ્ચર્યજનક પરિણામ પણ મળે છે.

એટલે આયુર્વેદ અને વૈદકીય અભ્યાસ પણ અભ્યાસ કરવા જેવો ગ્રંથ-વિદ્યા છે.

સુવિચાર

- જયાં સત્યનું ખંડન થાય, ધર્મનું ખંડન થાય, માનવતાનું ખંડન થાય ત્યાં ક્રાન્તિ થતી નથી માત્ર વિપ્લવ જ થાય છે - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- વિચાર કરવાનું કામ જેટલું કષ્ટસાધ્ય છે, એટલું જ કષ્યસાધ્ય કામ વિચાર બદલવાનું છીએ. પરિણામે પસ્તાવાનો વારો આવે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- પ્રામાણિક ટીકા સહન કરવી એ નામર્દનું કામ નથી... અને અહંપ્રેમી જેવો બીજો કોઈ નામર્દ નથી, અહં પ્રેમ આજના સમાજનું કેન્સર છે - **અરવિંદ**
- સમય તમને ચૂસી ખાય તેવા નિર્બળ ન બનો, પણ સમયના મહાસાગરને ગટગટાવીને સમય પર વિજય મેળવવાની તાકાત મેળવો... કારણ કે સમયના શસ્ત્રથી જ વિંધાય એનું નામ વિરલો - **સમયસૂત્ર**
- જીદ્દી માણસ અભિપ્રાય ધરાવતો હોતો નથી, પણ અભિપ્રાયો એને જકડી રાખતા હોય છે - **સેમ્યુઅલ બટલર**
- દયા સમગ્ર નૈતિકતાનો પાયો છે - **શોપન હોવર**
- આજનું ઔષધ : તુલસીનાં પાંચ પાન પાંચ મરી સાથે ચાવી જવાથી ચક્કર આવતા હોય તેને તરત રાહત થાય છે

(સંકલન : દિપક વી. આસરા)

બોધકથા

ભગવાનની પ્રાર્થના-પૂજા-સ્તુતિ જપ-તપ-અપવાસ એ બધું ભગવાનની બીક કે પાપના ભયમાંથી મુક્તિ માટે ઘણા ધર્મો-પંથોના ધર્મગુરુ 'પોતાના' અનુયાયી - ભક્તો ને પકડી-જકડી રાખવા માટે પણ કરતા-અનુયાયી-ભક્તોને પકડી-જકડી રાખવા માટે પણ કરતા-કરાવતા રહે છે. પ્રાર્થના-સ્તુતિ ઈશ્વર પ્રત્યે 'આભાર'ની લાગણી માત્ર વ્યક્ત કરવા અને ઈશ્વરે ઈચ્છેલું - સોંપેલું કાર્ય સંપન્ન કરવાની શક્તિ આપવા માટે જ હોય છે. બાળકમાં ભગવાનનો ભય ન જગાડો પણ પ્રેમ પ્રકટાવો...

એક દિવસ દારીમા એ પૌત્રને પૂછ્યું - તું રાત્રે તો દરરોજ નિયમિત પ્રાર્થના કરે છે પણ સવારે સ્નાન પછી પણ પ્રાર્થના કરવાનું કેમ માનતો નથી?

પૌત્ર કહે - દાદીમા, પપ્પા કહેતા હતા રાત્રે અંધારું થાય એટલે ભૂત-પ્રેતની બીક ન લાગે અને ખરાબ સ્વપ્ન પણ ન આવે - એટલે પ્રાર્થના કરીને સૂવું...

પરંતુ દાદી, સવારે તો અજવાળું હોય છે અને મને કોઈ બીક-ડર લાગતો જ નથી!

'રાજા'નો નિર્ણય પ્રજાને ફળે ત્યારે સાચો

નોટબંધીના ઐતિહાસિક નિર્ણયને મહિનો થવા આવ્યો છે છતાં દેશમાં આર્થિક અરાજકતાની સ્થિતિમાં ફેરફાર થયો નથી. સરકારે વારંવાર નવા નવા હુકમો બહાર પાડી પ્રજામાં એક પ્રકારની ભયની લાગણી પેદા કરી દીધી છે. બેન્કો નાણામાંથી છલકાઈ જતાં હોમલોન સસ્તી કરવાનો વિચાર વહેતો થયો છે તે આવકારદાયક ગણાશે. પ્રજાને આઝાદીનાં સિત્તેર વર્ષોમાં કદાચ પહેલી જ વાર એવું લાગી રહ્યું છે કે આપણે આખરે પ્રજા છીએ અને પ્રજાતંત્ર હોવા છતાં આપણા ઉપર કોઈ પ્રજાએ જ પસંદ કરેલો રાજા રાજ કરી રહ્યો છે. એને જયાં પણ ગંદકી કે કચરો જામેલો છે એની તાત્કાલિક સાફસફાઈમાં રસ છે. કાળાં નાણાં એ એવી જ ગંદકી છે, જેની ખાસ સ્વચ્છતા ઝુંબેસના ભાગ રૂપે મોટી ચલણી નોટો રદ રવાની ફરજ પડી છે. પ્રજાને એના આ લોકપ્રિય રાજાની દાનત ઉપર શંકાકુશંકા નથી તે ઊડીને આંખે વળગે એવી બાબત છે. નરેન્દ્ર મોદીની અંગત છબી સ્વચ્છ રહી છે, એટલે એમણે લીધેલા આ કડક પગલાથી ઊભી થયેલી અપાર મુશ્કેલીઓ વચ્ચે પણ એમણે કંઈ ખોટું કરી નાખ્યું એવો પ્રજાકીય સૂર ઊઠતો નથી, સિવાય કે એમના પ્રતિસ્પર્ધી રાજકારણીઓ નાં નિવેદનોમાં આ મતલબની ચર્ચા થયા કરે છે પણ એની સામે મોદી શુભેચ્છકો સીધું જ નિશાન તાકે છે કે જેમના કાળાં નાણાં સલવાઈ ગયા એ જ આવી રાડારાડ કરી રહ્યા છે. સંસદમાં ઊહાપોહ થયો, રેલીઓ નીકળી, રાષ્ટ્રપતિ અને અદાલતો સમક્ષ રજૂઆત થઈ પરંતુ એથી કશું વળ્યું નહીં કારણ કે પ્રજા એને પડનારી હાડમારી પછી પણ કાળાં નાણાંનાં ધોળાં કરી આપવાની અવનવી યોજનાઓ વહેલી મૂકીને બેંકો છલકાવી દીધી છે, એનાં 'ઈકોનોમિક્સ'ની ભાંજગડ પેલા આમઆદમીને સમજાય એવી નથી, તે પણ સાચું. આખરે છેલ્લી યોજના મુજબ તો સરકારે ઉદારતાપૂર્વક કાળાં નાણાંનું સફેદીકરણ કરવાની ખાતરી આપતાં એનો મૂળ ઉદ્દેસ મહંદશે માર્યો જશે એવું જ લાગે. કોમન મેન કે પગારદાર માણસ પાસે નથી બેનંબરી રૂપિયા કે નથી સોનાની લગડીઓ. એને તો પોતાને વહેવાર ચાલે છે એટલામાં જ સંતોષ છે. પરંતુ મોટા આખલાઓને નાથવા જતાં નાની બકરીઓને વાડામાં પુરાઈ રહેવું પડે એવી પરિસ્થિતિ સમજાવા પામી છે તે ખરે જ શોચનીય છે. બજારો મૃતપ્રાય બની ગયાં છે, ધંધા ઠપ્પ થઈ ગયા છે. લગ્નપ્રસંગોની રોનક ઝાંખી પડી ગઈ છે. પોતાના જ પૈસા પોતે નથી વાપરી શકતા એવો રંજ લગભગ નવ્વાણું ટકા લોકોના મનમાં ઘર કરી ગયો છે. પૈસા ઉપાડવા પર મુકાયેલ મર્યાદા એ ખરેખર તો બિનલોકશાહી પગલું છે. બાપુનગરના નાના કારખાનેદારો એમના કામદારો-રોજમદારોના પગાર કરવા માટે ગાંધીનગરની બેંકોમાં એટીએમ આગળ ભાડૂતી માણસોની લાઈનો લગાડી રહ્યાના સમાચાર છપાયા છે તે કેવી વિડંબના છે! બીજી તરફ જેમને લક્ષ્યાંક બનાવવા જોઈતા હતા એવા ધનકુબેરો પૈકીનો કોઈ વીરલો કયારેય લાઈનમાં દેખાયો નથી. દેશના અર્થતંત્રને નિયંમિત કરવાના આ અગાઉ પર સીમાચિહ્નરૂપ નિર્ણયો થયેલ છે. નહેરુ સરકારમાં સૌથી વધુ સમય માટે નાણાં મંત્રી રહેલા

તંત્રીસ્થાનેથી...

મોરારજી દેસાઈને ઈંદિરા ગાંધીએ કરેલું બેંકોનું રાષ્ટ્રીયકરણ નહોતું ગમ્યું. એ જ મોરારજી દેસાઈએ સોના પર નિયંત્રણ મૂકેલું અને મોટા ચલણની નોટો રદ કરેલી. નરસિંહરાવે અને મનમોહનસિંહે દેશને ખુલ્લું બજાર ઉપલબ્ધ કરાવી વૈશ્વિક અર્થતંત્ર બનાવવાનું ક્રાંતિકારી પગલું ભર્યું હતું. આ પૈકીના કોઈ પણ નિર્ણયની સામાન્ય પ્રજા પર નકારાત્મક અસર નહોતી થઈ. મોદીના ઐતિહાસિક નિર્ણયની કેટલા અંદાણી-અંબાણી કે તાતા-બિરલા ફસાયા એ હજી જાહેર થયું નથી! ઊલટાના એ બધા તો દેશના અર્થતંત્રના થાંભલા છે, એટલે એમની વિરુદ્ધ તો કોઈ પગલાં લેવાતાં જ ન હોય એવો માહોલ પ્રવર્તે છે. ત્યારે કાળું નાણું શું મધ્યમવર્ગે જ ભેગું કરી રાખ્યું હતું? અત્યારે સૌથી વધારે અજંપે બિલ્ડર લોબી જેવા નવધનિક વર્ગમાં જોવા મળે છે. જમીનોની લેવેચમાં કાળાં નાણાં સૌથી વધુ પ્રમાણમાં વપરાતાં રહ્યાં છે. શું એ નાણાં પસ્તી થઈ ગયા? કદાચ ના. એનો પણ રસ્તો કદાચ સરકારી બાબુઓ - એ પછી ઈન્કમટેક્ષ સાથે સંકળાયેલા હોય કે બેન્ક ઓફિસરો હોય - સાથે સાંઠગાંઠ રચીને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટોએ કાઢી આપ્યો હશે. સરકારના આવા જોખમી નિર્ણયને અંતે પણ જો અર્થતંત્રનું સ્વરુપ યથાવત જ રહેવાનું હોય તો દળી દળીને કુલડીમાં જેવો ઘાટ થશે, બલકે રાહુલ ગાંધી કહે છે એમ આ પગલું માત્ર આત્મમુગ્ધ વડાપ્રધાનનું સેલ્ફ-ઈમેજલક્ષી પગલું જ બની રહેશે. રાજાના આવા કડક પગલાથી પ્રજા સુધી કેટલો ફાયદો પહોંચે છે, તે જ વધુ મહત્ત્વની બાબત છે.

બાળક મા-બાપના અહ્મને પોષવાનું માધ્યમ નથી

નવોદિત કલમ
કાનન ઓઝા

પ્રાથમિક કક્ષામાં અભ્યાસ કરતું બાળક તેની મરજીનું માલિક હોય છે અન્ય માતાઓની સરખામણીમાં પોતે શરમમાં ન મૂકાય તેને ખાતર બાળક ને માનસિક ત્રાસ આપતી માતાઓ ધૃણાને પાત્ર છે અને બાળકો ધ્યાને પાત્ર બાળકના પ્રગતિ પત્રક ને વધુ ગુણોથી સમજાવવાની ઘેલછામાં બાળકની સાચી પ્રગતિ અને ગુણવત્તા કથળી જાય છે. પ્રાથમિક અને માધ્યમિક કક્ષા સુધી પુરેપૂરા ગુણ મેળવનારા બાળકો પુખ્યવતે જીવનની પરીક્ષામાં અને વ્યવસાયમાં નિષ્ફળ પુરવાર થતા હોય એવા અનેક ઉદાહરણો જોવા મળે છે. દરેક બાળકનું બૌદ્ધિક સ્તર તેમજ ક્ષમતા અલગ હોય છે. જેમાં જૈવિક વારસો પણ એટલો જ કારણભૂત હોય છે. બાળકની ક્ષમતા મુજબ તેના ઉત્સાહમાં વધારો થાય તે મુજબનો આગ્રહ તેની અભ્યાસમાં મદદરૂપ બને છે. પરંતુ મા-બાપ અહમને પોષવા માટે આંધળું અનુકરણ અને સતત સ્પર્ધાત્મક દોટમાં બાળકનું બાળપણ વહેલું વિખુટું પડી જાય છે.

બીજા ધોરણમાં અભ્યાસ કરતો એક બાળક ભીની આંખો સાતે તે વર્ગમાં બેઠો થઈ તેને કારણ પૂછતાં તેને જણાવ્યું કે ગણિતની સાપ્તાહિક પરીક્ષામાં ૨૦માંથી ૧૮ માર્ક્સ આવ્યા માટે આ પરિણામ સાથે ઘેર જવાની હિંમત બાળક ભેગી કરતું નથી.

શાળામાંથી પરિણામ લઈ નીકળતા ઘ્રુજતા ને રડતાં બાળકની હું સાક્ષી છું. બાળક પાસે પુરેપુરું પરિણામની આશાથી સામાન્ય ક્ષમતા ધરાવતું અને બાળક નબળું બનતું જાય છે અને તે નબળું બાળક પોતાની જાતને અપરાધી હોવાનો અનુભવ કરે છે. અભ્યાસના સમયમાં રવિવારની રજા, કે દિવાળી કે ઉનાળાનાં લાંબા વેકેશનમાં પણ તેમને કાળી મજૂરીમાંથી બાળકને મુક્તિ મળતી નથી અન્ય પ્રવૃત્તિ કરાવવા માટે બાળકને આંધળી દોટ મૂકાવે છે.

માટે બાળકનો રસ પારખી અને તેની ક્ષમતા મુજબ એક અથવા અલગ ઈતરપ્રવૃત્તિ કરાવવાથી બાળક ખીલે છે સાથે અભ્યાસમાં પણ સંતોષકારક દેખાવ કરી શકે છે.

અભિનય સમ્રાટ : ઉપેન્દ્ર ત્રિવેદી

(મિત્રો, મારો આ ચરિત્ર નિબંધ આ વર્ષથી ધોરણ નવના પાઠ્ય પુસ્તકમાં સમાવાયો છે. જો કે એમાં થોડો ટૂંકાવાયો છે. અને વિદ્યાર્થી કક્ષાની ભાષામાં થોડી એની રજુઆત કરવામાં આવી છે પરંતુ મૂળ અને આખો નિબંધ અહીં રજું કરું છું. ગુજરાતી ફિલ્મોના સુવર્ણયુગનો ધ્રૂવ તારક તા. ૪. જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ વહેલી સવારે આથમી ગયો. સાતમા આઠમા દાયકામાં જેમના નામની બોલબાલા હતી – જેમણે ગુજરાતી ફિલ્મોને પોતાના અભિનયથી એક સત્વશીલ ઊંચાઈએ પહોંચાડી હતી. સૌરાષ્ટ્રની ધરતીના ઐતિહાસિક, અમર પાત્રોને જેમણે રૂપેરી પડદે જીવંત કર્યા હતા. જેમણે ગુજરાતી રંગમંચને એક નવી ઓળખ આપી હતી ગૌરવ આપ્યું હતું એવા અભિનય સમ્રાટ પદ્મશ્રી ઉપેન્દ્ર ત્રિવેદી હવે આપણી વચ્ચે નથી. જો કે આવતા હજારો વર્ષ સુધી એ જીવશે.. જ્યા સુધી રૂપેરી પડડાનું તેજ ઝગમગાતું રહેશે ત્યાં સુધી ઉપેન્દ્ર ત્રિવેદી લોકોના હદયમાં રાજ કરશે. એમની સાથેના ઘણા સંસ્મરણો છે. એમને ઘણા નજીકથી ઓળખવાનું સદભાગ્ય મને મળ્યું હતું. આવા અભિનય સમ્રાટના સમકાલીન હોવું એ પણ આપણા સૌને માટે ગર્વ લેવા જેવી વાત છે. ગુજરાતી રંગભૂમિના અભિનય સમ્રાટ પદ્મશ્રી ઉપેન્દ્ર ત્રિવેદીના આંતરિક તેમ જ બાહ્ય બન્ને પાસાઓને સરળ ભાષામાં ઉજાગર કર્યા છે, અભિનેતા ઉપેન્દ્ર ત્રિવેદીના સંઘર્ષથી શરુ થયેલી રંગભૂમિની અભિનયયાત્રા, તેમની નોકરી અને અભ્યાસની વિગતો પ્રેરણાદાયી છે. ઉપેન્દ્રમાં નિખરતા ગુણો અને સંસ્કારની તેજસ્વીતા એમને કંઈ રીતે ફિલ્મો સુધી લઈ જાય છે અને પછી ગુજરાતી સિનેમાનો નવો યુગ કંઈ રીતે પોતાનો આગવો ઈતિહાસ રચે છે એ પણ અહી રસપ્રદ રીતે રજું થયું છે. તો વળી ઉપેન્દ્રભાઈની રાજનીતિની સંવેદનશીલ યાત્રા પણ અહીં આલેખાઈ છે. જેને કારણે અભિનય સમ્રાટ ઉપેન્દ્ર ત્રિવેદીની એક સમગ્ર છબિ આપણા માનસમાં ઊભી થાય છે.

(નોંધ -આ આખો લેખ બે હપ્તામાં પ્રગટ થશે. આવતા રવિવારે પણ એને વાંચવાનું ચૂકશો નહીં)

ઉપેન્દ્ર ત્રિવેદી માત્ર એક નામ કે વ્યક્તિ નથી પરંતુ એક યુગ પ્રતિભા છે. જેમના વ્યક્તિત્વનો પ્રભાવ આખા યુગ ઉપર પડ્યો છે એવી પ્રતિભા. ગુજરાતી નાટકનો તખ્તો અને ગુજરાતી ફિલ્મોનો પડદો જેમના અભિનયના અવનવા અજવાળાથી ચમકતો - દમકતો રહ્યો છે. અભિનયની દુનિયાના ચક્રવર્તી સમ્રાટ ઉપેન્દ્ર ત્રિવેદી ગુજરાતી કલા અને સંસ્કૃતિની એક અવિસ્મરણીય ઘટના છે. જેમણે માન સન્માનો, ચન્દ્રકો અને પારિતોષિકોથી વિશેષ પ્રજાનો પ્રેમ જીત્યો છે. વિશ્વાસ જીત્યો છે.

તા. ૧૪, જુલાઈ, ૧૯૩૭ના રોજ મધ્યપ્રદેશના ઈન્દોર શહેરમાં ગુજરાતી પરિવારમાં જન્મેલ એક બાળક પાંચ વર્ષની ઉંમરે પોતાના વતન ઈડર તાલુકાના ફૂકડિયા ગામે ધૂળી શાળામાં પ્રવેશ તો લે છે. પરંતુ બે વર્ષ પછી ફરીથી ઉજ્જૈનની ગુજરાતી સમાજની પ્રાથમિક શાળામાં પરત ફરે છે. અને માધ્યમિક શિક્ષણ પણ અહી આદર્શ વિદ્યાલયમાં પૂર્ણ કરીને ઉચ્ચશિક્ષણ લેવા માટે છેક મુંબઈ સુધી જાય છે.

પિતા જેઠાલાલ ત્રિવેદી જ રંગભૂમિના ખુબ જ સારા નટ હોવાથી ઉપેન્દ્ર ત્રિવેદીને અભિનય ગળથૂથીમાં – વારસાગત મળે છે. બાળ ઉપેન્દ્રને રામાયણ – મહાભારત એટલા બધા પ્રિય કે બાળપણમાં તેઓ હાથમાં ધનૂષ્ય લઈને જ ફરતા અને એથી પણ વધારે ઉપેન્દ્રએ નાના ભાઈ અરવિંદ સાથે મળીને એક શસ્ત્રશાળા પણ બનાવેલી જેની દર દશેરાએ પૂજા પણ કરવામાં આવતી. બાળપણથી ઉપેન્દ્રને વાંચવાનો અને બોલવાનો ખૂબ શોખ તેથી વિદ્યાર્થીકાળથી જ સ્કૂલમાં વક્તૃત્વ સ્પર્ધામાં અને નાટ્ય સ્પર્ધામાં ભાગ લઈ ઘણા ઈનામો પણ જીતેલા. તો વળી રમત ગમત ક્ષેત્રે કબડ્ડી, ખો-ખો, ફૂટબોલ અને લાંબીદોડ જેવી રમતો પણ બાળ ઉપેન્દ્રને અતિપ્રિય.

અભિનય અને રંગમંચ.

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

માત્ર ૧૭ વર્ષની કિશોર વયે મુંબઈ ખાતે આયોજિત એક કાર્યક્રમમાં શ્રી નંદકુમાર પાઠક લિખિત એકાંકી "કહ્યાગરો કંથ" માં એક વૃદ્ધ વડિલની ભૂમિકા ઉત્તમ રીતે ભજવીને સૌની પ્રશંસા મેળવેલી. અને બીજા જ વર્ષે મુંબઈની સિદ્ધાર્થ કૉલેજ ઑફ કૉમર્સમાં પ્રવેશ મેળવી ત્યાંનો આખો સાંસ્કૃત્તિક વિભાગ એમણે સંભાળી લીધેલો. અહી એમનો પરિચય નાટ્યના વિદ્વાન પ્રા. વિષ્ણુકુમાર વ્યાસ સાથે થયેલો અને પછી ધીમે ધીમે નાટ્યનો રંગ ચડવા લાગ્યો. પરિણામ એ આવ્યું કે ઈન્ટરકૉમર્સમાં ત્રણ વાર નાપાસ થયા. અભ્યાસ છોડી દેવાની ઈચ્છા થયેલી પણ ઘરના બધા સભ્યો નારાજ હોવાથી તેઓ એમ ના કરી શક્યા ઉપરથી આજીવિકા માટે જુદી જુદી ફેકટરીઓમાં રાતપાળીની નોકરીઓ પણ કરી. કે જેથી દિવસે નાટકોના રિહર્સલ કરી શકાય અને રાત્રે નોકરી કરી આજીવિકા રળી શકાય. આ સમયે મુંબઈમાં ભારતીય વિદ્યાભવન દ્વારા "આંતર કૉલેજ નાટ્ય સ્પર્ધા" યોજાતી જે આખા મુંબઈમાં ખુબ જ પ્રતિષ્ઠિત ગણાતી. ઉપેન્દ્રનું એક જ સ્વપ્ન કે આ સ્પર્ધામાં વિજેતા થવું ૧૯૫૭માં માત્ર ૨૦ વર્ષની વયે અજિત પટેલ લિખિત એકાંકી " ભીતરનાં વહેણ "ભજવી શ્રેષ્ઠ અભિનેતાનું પ્રથમ પારિતોષિક મેળવ્યું. અને પછી તો એમનું "પાવક ભષ્મ" નાટક પણ વિજેતા થયું અને ધીમે ધીમે ભવન્સમાં અંગ્રેજી, હિન્દી, ગુજરાતી અને મરાઠી એમ ચારેય ભાષાની સ્પર્ધાઓમાં યુવા ઉપેન્દ્ર વિજેતા બની એક અદભુત નાટક "શાહજહાં" દ્વારા "મુનશી ટ્રોફી" પણ મેળવે છે.

ઉપેન્દ્ર ત્રિવેદી સાચા કલાકારનો જીવ હતા. તેઓનું વ્યક્તિત્વ પહેલેથી જ સામાન્ય સ્તરનું નહોતું. કંઈક નવું અને પડકારરૂપ હોય એવું કરવું એમને ગમતું. આ માટે એમણે હિન્દી ફિલ્મના ગીતકાર અને કવિ સાહિર લુધિયાનવી લિખિત 'પરછાઈયાં' કાવ્ય ઉપરથી નાટક રચીને તા. ૨૬, જાન્યુઆરી, ૧૯૫૯ના રોજ કાંદિવલી ખાતે ભજવીને પ્રેક્ષકોને મંત્રમૂગ્ધ કરી દીધા હતા.

ધીમે ધીમે વિદ્યાર્થી ઉપેન્દ્ર પર અભિનેતા ઉપેન્દ્રનો વિજય થઈ રહ્યો હતો. અભ્યાસ છોડવાના પોતાના નિર્ણયને દૃઢ બનાવી મુંબઈમાં જ "રંગભૂમિ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડ્રામેટિક આર્ટ્સ"માં પ્રવેશ મેળવી અભિનયના વિવિધ પાસાઓની ઊંડી તાલીમ મેળવી ડિપ્લોમા થયા. તો વળી બીજી તરફ સંઘર્ષમય જીવનના વિવિધ અનુભવોએ પણ એમને

અનુસંધાન પાના નં. ૭ પર

ઈ-ચોરો : ડીજીટલ દુનિયા સામે લેટેસ્ટ થ્રેટ...!!!

રગળપાટ
અજય ઉપાધ્યાય

થોડા દિવસ પહેલા જ યાહુ એ જાહેરાત કરેલી કે યાહુ ના સર્વર પર રહેલા ૨૦૧૪ સુધીના ડેટા હેક થઈ ગયા છે અને માર્કેટમાં ફરતા થઈ ગયા છે, ગ્રાહકોને સુચના છે કે પોતપોતાના પાસવર્ડ બદલી નાખે... દિલ્હીના સીમા શુલ્ક ના સર્વર પર હેકરો એ ધાડ પાડીને લગભગ ૫૦ કરોડ રૂપિયા જેવી રકમ બીજા ખાતામાં ટ્રાન્સફર કરી નાખેલી, આ વાત પણ કાઈ બહુ જૂની નથી જ... હજુ હમણાં જ પુરા થયેલા રિયો ઓલમ્પિકમાં પણ હેકરોએ પોતાનો ચમત્કાર બતાવેલો જો કે એમાં નુકશાન અમેરિકાને જ થયેલું, રિયો ઓલમ્પીકના ડેટા ચોરીને હેકરોએ જાહેર કરેલું કે અમેરિકાએ ડોપિંગ ટેસ્ટમાં પોઝીટીવ આવેલા ખેલાડીઓને પણ ઓલમ્પિક ટીમમાં સામેલ કર્યા છે...નોટબંધી તો હમણાં જ આવી અને મોદીસાહેબ ડીજીટલ પેમેન્ટને બઢાવો દેવામાં વ્યસ્ત થયા એ પહેલા ના એકાદ મહિના પહેલા જ ખબર આવેલી કે દેશની વિવિધ બેન્કોના અંદાજે ૩૨ લાખ જેટલા ડેબીટ કે ક્રેડીટ કાર્ડના ડેટા મેં થી જુલાઈ મહિના સુધીમાં આ શાતીર હેકરોએ ચોરી લીધા છે અને સપ્ટેમ્બરમાં બેન્કોને એની જાણ થઈ એ પહેલા તો એમાંથી અમુક કાર્ડ પર અમેરિકા ને ચીનમાં ખરીદીઓ પણ થઈ ગયેલી !..બેન્કની જ વાત નીકળી છે તો યાદ જ હશે કે ૨૦૧૬ ની શરૂઆતમાં જ બાંગ્લાદેશની એક બેન્કમાંથી આ ઈકોનોમિક ચોરો એ એક અબજ ડોલર ચોરવાની ટ્રાય કરેલી અને અંતે ૮ કરોડ ડોલર જેટલી રકમ ઈલેક્ટ્રોનીકલી ચોરી પણ ગયેલા...! ઈલેક્ટ્રોનિક ધાડ / લુંટ નું આ લીસ્ટ આ લેખ જેમજેમ આગળ વધતો જશે એમ એમ વધતું જવાનું પણ હવે આ બધી ધાડ ની સામે તો હમણાં જ હેક થયેલા રાહુલ ગાંધી અને કોંગ્રેસ પાર્ટીના ઓફિસિયલ ટ્વીટર એકાઉન્ટનો મામલો સાવ મામુલી નથી લાગતો...? જો કે આખોયે બનાવ ભલે લાગતો હોય મામુલી પણ ગંભીર પણ એટલો જ છે.

મામુલી એટલા માટે સમજવાનો કે શોશિયલ સાઈટ્સના એકાઉન્ટ હેક થવા હવે સાવ આમ બાબત બનતી જાય છે અને એમાં કાઈ એવું કહેવાની બિલકુલ જરૂર નથી જ કે ભારતમાં સાઈબર સિક્યુરીટી સાવ કંગાળ છે...જી ના બિલકુલ મન નાનું કરશો નહિ કેમકે ફૂલપ્રૂફ ગણાતા અમેરિકામાં આપણા કરતાયે ક્યાય વધુ હેકિંગ ની ઘટનાઓ બને છે. એક અંગ્રેજી અખબારના રીપોર્ટ, મુજબ હેકિંગનો હાહાકાર ભોગવતા દેશોમાં ભારતનું સ્થાન આઠમું છે અને અમેરિકા બીજા તેમજ ખુદ ચીન પ્રથમ સ્થાને બિરાજમાન છે...! આ ચીનને નમ્બર વન પર બેઠેલું જોઈને તમને ય હળવો આંચકો લાગ્યો ને...આ એ જ ચીન છે કે જ્યાં અંદાજે ૩૦ હાજર જેટલા હેકરો ચીની સરકારે ફક્ત એ જ કામમાં રોકેલા છે કે બીજા દેશોની સાઈટ્સ હેક કર્યા કરે... છતાયે ચીન અગ્રેસર છે હેકિંગનો ભોગ બનવામાં... બધું અહી ને અહી જ છે ભાય...! હા આ રીપોર્ટમાં એવું કહેવાયું છે કે ભારતમાં લગભગ દર એક સેકન્ડે એકાદ હેકિંગની ટ્રાય થયા કરે છે એ વાત કદાચ થોડી અતિશયોક્તિ લાગે છતાં પણ હકીકત એ છે કે જગતની સૌથી વધુ ઝડપે વિકસતી ભારતીય અર્થવ્યવસ્થા પર હેકિંગના ઘાતક હુમલાઓ વધી તો ગયા જ છે..!! નોટબંધી પછીથી સરકાર ઈ-પેમેન્ટ અને મોબાઈલ બેન્કિંગને વધુ પ્રોત્સાહન આપવા વિચારે છે એવામાં બેંકો અને બીજી નાણાકીય સંસ્થાઓની સાઈબર સિક્યુરીટી ફૂલપ્રૂફ કરવી પડશે નહીતર હેકરોને જલસા પડી જવાના એ નક્કી છે...!

બેંકો કે નાણાકીય સંસ્થાઓ પર હેકરો ત્રાટકવા સદાય તત્પર રહેતા હોય છે એનું કારણ છે કે એ એમનું પ્રથમ અને પસંદીદા ટાર્ગેટ રહ્યું છે હંમેશાથી. ૨૦૧૫ના હેકરોએ કરેલા હુમ્લાઓમાંથી ૩૫% જેવા એટેક બેંકો કે ઈન્સ્યોરન્સ સંસ્થાનોની સાઈટો પર જ કરેલા. એ જ રીતે હેકરોનું બીજું નિશાન હોય છે સર્વિસ સેક્ટર કે જ્યાં ઓનલાઈન સેવાઓ અને ટ્રાન્ઝેક્શન થતા હોય છે. ગયા વર્ષે ૨૪% જેવા એટેકોનું નિશાન આવી ઓનલાઈન સેવાઓ જ બનેલી જેમાં ઈ-કોમર્સ અને બીજી ઈ-પેમેન્ટ સાઈટોનો સમાવેશ થતો હતો. હેકરોનું ત્રીજું ટાર્ગેટ ટેકનીકલ સેક્ટર હોય છે કે જ્યાંથી એમને બીજી કમ્પ્રીઓની ટેકનીકલ માહિતી ચોરવાનું પૈસા કમાવી આપતું કામ મળે છે. હમણાં જ આપણી નૌસેનામાં સામેલ થનાર સ્કોર્પિયન સબમરીનની ટેકનીકલ માહિતી લીક થવાનો મામલો આ ટાર્ગેટ અંતર્ગત જ આવે છે. હેકરોનું આગલું ટાર્ગેટ હોય છે વાહનવ્યવહાર જેમકે એરલાઈન્સની સીસ્ટમ અને આવી બીજી સિસ્ટમો.જો કે હેકરોને આવા વહાલા-દવલાની નીતી માફક નથી આવતી હોતી એમને તો ગમે તે લાગ્યે...! સરકારી સાઈટ્સથી લઈને બેંકો અને બેન્કોથી લઈને ફેસબુક કે ટ્વીટર જેવા એકાઉન્ટ સુધી ગમે તેને હેક કરવું જ એમનું પરમ કાર્ય...! આ હેકર પણ મુખ્યત્વે ત્રણ પ્રકારના હોય છે. પહેલા તો પર્સનલ હેકર કે જેઓ કોઈ અંગત અદાવત કે કોઈ ખાસ પણ પર્સનલ એસાઈમેન્ટ અંતર્ગત કોઈનું એકાઉન્ટ હેક કરીને એની માહિતી સાર્વજનિક કે લીક કરી દે છે, બીજા છે એથીકલ હેકર્સ કે જે સામેવાળાની પરવાનગી લઈને કોઈ સીસ્ટમની ટેકનીકલ સુરક્ષા ચેક કરવા આખી સીસ્ટમ હેક કરે છે અને ત્રીજા હોય છે ટાઈમ પાસ કે મજા લેવા માટે થતી હેકિંગ, રાહુલબાબા અને કોંગ્રેસ પાર્ટીના તાજેતરમાં હેક થયેલા એકાઉન્ટ આ ત્રીજા પ્રકારના હેકર્સનું કામ હોય શકે.પહેલા અને ત્રીજા પ્રકારનું હેકિંગ ગુનાની શ્રેણીમાં આવે છે જ્યારે બીજા પ્રકારનું હેકિંગ કાયદેસર ગણાય છે. ગુગલથી માંડીને બધી જ મોટી કંપનીઓ પોતાના એથીકલ હેકર રાખતા હોય છે કે જેઓ એમની સાઈબર ટેકનીકલ સુરક્ષાની વખતો વખત જાંચ કરતા રહેતા હોય છે.

હેકિંગ કરવાના ઘણા પ્રકાર છે એમાંથી સૌથી આસન છે ફેક ઈમેલ કે મેસેજ દ્વારા લોગીન ડીટેલ મેળવવી અથવા તો અગાઉ હેક થયેલા એકાઉન્ટના રેકોર્ડ પરથી નવેસરથી કોઈ સાઈટ કે પ્રોફાઈલ હેક કરવા માટેનો લોગીન ડેટા હાસિલ કરવો. આજકાલ તો મોબાઈલનો જમાનો છે અને મોટાભાગની ઓનલાઈન ગતિવિધિ મોબાઈલ દ્વારા જ થાય છે એવામાં માલવેર ઈન્સ્ટોલ કરીને મોબાઈલ ડેટા હેક કરવો આસાન બની ગયું છે. મોબાઈલ ડેટા સુરક્ષા મામલે એપલની આઈઓએસ વધુ સુરક્ષિત મનાય છે જો કે છતાયે ગયા વર્ષે એમાં પણ હેકરોએ બાકોરું પાડીને સેલ